# મે મહિનામાં

# સમયને સમય આપવો

૧ મે, ૨૦૨૫

આત્મીય પાઠક,

એ શું છે જે ચિરસ્થાયી છે? એ શું છે જે સમયની કસોટી પર ખરું ઊતરે છે? જે સમયથી પરે છે — જેનું અસ્તિત્વ કદાચ સમય પછી પણ રહે છે? એ કયા અદૃશ્ય તાર છે જે ભૂતકાળને વર્તમાન સાથે અને વર્તમાનને ભવિષ્ય સાથે જોડે છે, અને ભલે ક્ષણભર માટે પણ જ્યારે આપણા બોધમાં તેની એક ઝલક દેખાય ત્યારે આપણે તેને કેવી રીતે ઓળખીએ છીએ?

જ્યારે આપણે મે મહિનામાં પ્રવેશ કરી રહ્યાં છીએ ત્યારે આ પ્રશ્નો મારી ચેતનામાં વારંવાર ઊઠી રહ્યા છે અને ઉત્સુકતા જગાવી રહ્યા છે. મે મહિનો એટલે બાબાજીનો મહિનો. ૧૯૯૦ના દાયકામાં એક સત્સંગ દરમ્યાન શ્રીગુરુમાઈએ પહેલીવાર મે અને ઓક્ટોબર મહિનાઓને ‘બાબાજીનો મહિનો’ નામ આપ્યું હતું, જે ક્રમશઃ બાબા મુક્તાનંદના જન્મદિવસ અને મહાસમાધિના મહિનાઓ છે. સિદ્ધયોગીઓએ આ નામને તરત જ ઉત્સાહ સાથે આવકારી લીધું; તેમને આ નામ ખૂબ જ પસંદ આવ્યું અને ત્યારથી આ નામ પ્રચલિત થઈ ગયું.

આ વાત અદ્‌ભુત છે. મે મહિનાને સ્પષ્ટપણે આગળ વધતા સમયના વિશિષ્ટ અંશ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. તે ગ્રેગોરિયન કેલેન્ડરનો એક પ્રમાણભૂત ભાગ છે; તે દરવર્ષે એક જ સમયે આવે છે (પાંચમા મહિનામાં, એપ્રિલ પછી અને જૂન પહેલાં); તેને કેટલાંક નિશ્ચિત દિવસો અને અઠવાડિયાઓમાં વિભાજિત કરવામાં આવ્યો છે, તેમ છતાં તેમાં શાશ્વતતાની આભા રહેલી છે કારણકે સિદ્ધયોગ પથ પર આપણે આ મહિનાને બાબા મુક્તાનંદના મહિના સાથે જોડીએ છીએ — બાબાજીના જીવન સાથે, બાબાજીની ધરોહર સાથે જોડીએ છીએ.

ઉદાહરણ તરીકે, આપણે આ શાશ્વતતાની આભાને ત્યારે મહસૂસ કરીએ છીએ જ્યારે આપણે પ્રકૃતિમાં “બાબાજીનાં ચિહ્નો” જોઈએ છીએ, જેમ કે વૃક્ષોમાં અંગ્રેજી અક્ષર ‘એમ’નો આકાર (એટલે કે બાબાજીના નામ ‘મુક્તાનંદ’નો પહેલો અક્ષર ‘M’), બાબાજીનાં વસ્ત્રો જેવું કેસરી રંગનું પીંછું કે પછી આકાશમાં નીલ રંગનાં ચમકતાં કૃષ્ણ વાદળો જે લગભગ એ નીલબિંદુ જેવાં જ દેખાય છે, જેનું વર્ણન કરવું બાબાજીને ખૂબ જ પ્રિય હતું. આપણે આ શાશ્વતતાની આભાને ત્યારે મહસૂસ કરીએ છીએ જ્યારે લોકો બાબાજી સાથેના પોતાના અનુભવો અને પ્રસંગો કહે છે. ઉદાહરણ તરીકે, હું બાબાજીને ક્યારેય નથી મળી કારણકે મારો જન્મ તેમણે મહાસમાધિ લીધી તેના પછી થયો હતો. પરંતુ જ્યારે હું એ સિદ્ધયોગીઓના પ્રસંગો સાંભળું છું જેઓ બાબાજીના જીવનકાળમાં તેમને જાણતા હતા, જેમને બાબાજીનાં દર્શન અને શિખામણો પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મળ્યું હતું ત્યારે લાગે છે કે સમય

લુપ્ત થઈ ગયો છે. એ સિદ્ધયોગીઓની આંખોમાંથી ઝળકતા પ્રેમમાં, તેમના અવાજના કોમળ સ્વરમાં હું જોઈ શકું છું કે બાબાજી *અહીં* જ છે, આપણી સાથે જ છે.

ફૂલ ખીલે છે અને કરમાઈ જાય છે; પરંતુ તેની સુંદરતા, તેની મનમોહક સુગંધ એ લોકોનાં મનમાં જળવાઈ રહે છે, જેઓ તેને યાદ કરે છે. નદીના પટમાંથી પાણી સૂકાઈ જાય છે પરંતુ તેના પ્રવાહની સ્મૃતિ ધરતી પર અંકિત થઈ જાય છે; માટી અને કાંપ પર વાંકીચૂંકી વહેતી નદી તેની પાછળ પોતાની છાપ છોડતી જાય છે. ચંદ્રમા તેની વધતી-ઘટતી કળાઓ વચ્ચે પણ પૂર્ણ જ રહે છે. શાશ્વતતા શું છે? શું તે કંઈક એવું છે જેને આપણે ઓળખીએ છીએ અથવા કંઈક એવું જેની આપણે રચના કરીએ છીએ? શું તે કંઈક એવું છે જેને આપણે વિશાળ રૂપ આપી દઈએ છીએ? શું તે કંઈક એવું છે જેની રક્ષા કરવાની જવાબદારી આપણી છે? કે પછી શું શાશ્વતતા એકસાથે આ બધું જ છે?

આપણે આ વિષય પર આખો મહિનો મનનચિંતન કરી શઈએ છીએ. ૧૧ મેના દિવસે વિશ્વના ઘણા બધા ભાગોમાં લોકો માતૃદિવસનો ઉત્સવ મનાવશે. જ્યારે હું એ શક્તિઓ વિશે વિચારું છું જે સમયની સીમાઓને પડકાર આપે છે, જે પોતાની તાકાત અને શુદ્ધતામાં ત્યારે પણ દૃઢ રહે છે, જ્યારે આપણે બદલાઈ જઈએ છીએ, અથવા આપણી પરિસ્થિતિઓ કે આપણી આસપાસનો સંસાર બદલાઈ જાય છે, તો બે વસ્તુ તરત જ યાદ આવે છે : શ્રીગુરુનો પ્રેમ અને માતાનો પ્રેમ. વાસ્તવમાં આ બંને અલગ નથી. તમે ઇચ્છો તો સિદ્ધયોગ પથ વેબસાઇટ પર એ પ્રસંગ વાંચી (અથવા ફરીથી વાંચી) શકો છો કે ગુરુમાઈજી કેવી રીતે ''ગુરુમાઈ''ના નામથી જાણીતાં થયાં. આ પ્રસંગ અહીં આપેલી લિંક પર ઉપલબ્ધ છે : www.siddhayoga.org/mothers-day/source-of-life

૧૨ મેની પૂર્ણિમાના દિવસે, આપણે ચાંદ્રતિથિ અનુસાર બાબાજીનો જન્મદિવસ મનાવીશું. ચાર દિવસ પછી, ૧૬ મેના રોજ આપણે સૌરતિથિ અનુસાર બાબાજીનો જન્મદિવસ મનાવીશું. મેં એ વિશે પણ વાત કરી છે કે કેવી રીતે આપણે બાબાજીની કૃપામાં શાશ્વતતાનો અને બાબાજીના પ્રેમમાં અનંતતાનો અનુભવ કરીએ છીએ. આ ઉપરાંત અને કદાચ સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આપણે બાબાજી દ્વારા પ્રદાન કરવામાં આવેલી શિખામણોમાં એ શાશ્વત-તત્ત્વને પામી લઈએ છીએ. (આપણને અનંત-તત્ત્વનો ભેટો થઈ જાય છે!) સિદ્ધયોગ પથનું પ્રજ્ઞાન એટલે કે બાબાજી દ્વારા, ગુરુમાઈજી દ્વારા પ્રદાન કરવામાં આવેલી શિખામણો સમયાતીત છે.

આ પત્રની શરૂઆતમાં મેં તમને પૂછ્યું હતું કે એ શું છે જે ચિરસ્થાયી છે. તેનો જવાબ છે : *જ્ઞાન.* જ્ઞાન ચિરસ્થાયી છે. શ્રીગુરુની શિખામણો ચિરસ્થાયી છે, કારણકે તે દરેક સમયે અને દરેક જગ્યાએ ઉપયુક્ત હોય છે.

જોકે તેમાં એક મહત્ત્વપૂર્ણ ચેતવણી પણ છે. શિખામણો સમયાતીત હોવાનો આપણો *અનુભવ*, તેની ચિરસ્થાયી શક્તિનો આપણો *અનુભવ* આપણા પ્રયત્ન પર એટલે કે શિખામણોને સમજવાના, તેનો અભ્યાસ કરવાના, તેને અપનાવવાના આપણા પ્રયત્ન પર નિર્ભર કરે છે. શ્રીગુરુની શિખામણો શિષ્યની અંદર જે રૂપાંતરણ લાવે છે, એ રૂપાંતરણમાં શિખામણોની સાચી ધરોહર રહેલી છે. અને આ માત્ર આપણી તત્પરતા તેમજ સક્રિય સહભાગિતાથી જ સંભવ થઈ શકે છે.

ગુરુમાઈજીએ જાન્યુઆરીથી દરરોજ 'સમયની સમક્ષ'ના ભાગરૂપે આપણને જે શિખામણો પ્રદાન કરી છે, તેના પર વિચાર કરો. આપણે અનુમાન લગાવી શકીએ છીએ કે દરેક દિવસની શિખામણ ઉત્કૃષ્ટ હશે, રસપ્રદ અને કાવ્યાત્મક હશે, તેને વાંચવાથી અને મનમાંને મનમાં વારંવાર બોલવાથી આપણને સાંત્વના અને સહારો મળશે. પરંતુ તેના પછી શું? આ શિખામણો સાથે આપણે વધુ શું કરીશું? આ સમયે આ એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે.

ઉદાહરણ તરીકે, આવો આપણે ગુરુમાઈજીએ ૧ મેના દિવસે પ્રદાન કરેલી શિખામણને જોઈએ : *હિરણ્યમય સમય.* આ શિખામણને તમારા માટે હજી વધારે સ્થાયી વાસ્તવિકતા બનાવવા તમે કયાં-કયાં પગલાં લઈ શકો છો? તમારો સમય હિરણ્યમય એટલે કે સુવર્ણમય છે, આ જાગરૂકતા સાથે વ્યવહાર કરવાનો શું અર્થ છે? તમે તમારી દિનચર્યાના સમયનું નિયોજન કેવી રીતે કરો છો અથવા કોઈ વિશેષ સમયે તમારું ધ્યાન કઈ વસ્તુ પર કેન્દ્રિત કરો છો — આમાં તમે શું પરિવર્તન લાવી શકો છો? (અલબત્ત, આ પ્રશ્નો શિખામણના એક અર્થ પર આધારિત છે. આ શિખામણના અર્થને સમજવાની ઘણી બધી રીતો હોઈ શકે છે — અને એ રીતોનું પણ આવી જ રીતે અન્વેષણ કરી શકાય છે.)

મે મહિનાના અંત સુધી આપણને સમય વિશે ગુરુમાઈજી પાસેથી ૧૩૮ શિખામણો પ્રાપ્ત થઈ ચૂકી હશે. આ ૧૩૮ સુઅવસરો છે, સમય વિશે નવી અંતર્દષ્ટિઓ મેળવવાના, સમય પ્રત્યે આપણા દષ્ટિકોણને ફરીથી નવું રૂપ આપવાના, આપણાં જીવનમાં લાભદાયી પરિવર્તન કરવા માટે પગલાં લેવાના. વળી, મે મહિનો છેલ્લો મહિનો પણ છે જેમાં આપણને 'સમયની સમક્ષ'ની અંતર્ગત ગુરુમાઈજી પાસેથી શિખામણો પ્રાપ્ત થશે. આવતા મહિને આપણા અધ્યયનનું કેન્દ્રણ રહેશે, 'સદ્‌ગુણ વૈભવ'.

ત્યાંસુધી, આવો આપણે આવનારા આ એકત્રીસ દિવસોનો ભરપૂર લાભ ઉઠાવીએ — બાબાજીના મહિનાને ઊજવતા રહીને, પરમેશ્વરી માતાનું સન્માન કરતા રહીને, વર્ષ ૨૦૨૫ માટે શ્રીગુરુમાઈના સંદેશનું અન્વેષણ કરતા રહીને. આવો આપણે એમ જ કરીએ જેમ ગુરુમાઈજી આ વર્ષના તેમના સંદેશમાં શીખવે છે અને વાસ્તવમાં આપણે *આપણા સમયને આપણા માટે લાભપ્રદ બનાવીએ.*

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.